
વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪
Vol. 18 No. 2

## આપણાં અંગ-ઉપાંગોનું શું કરીશું ?



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com** પર જાઓ.

# આરબોનું ડહાપણ

– જે કશું જાણતો નથી અને જાણતો નથી
કે એ જાણતો નથી, તે મૂર્ખ છે.
– એનાથી દુર રહો
– જે કશું જાણતો નથી અને જાણે છે કે
તે જાણતો નથી, તે બાળક છે
– ભણાવો.
– જે જાણે છે પણ જાણતો નથી કે તે જાણે છે,
તે ઊંઘી ગયો છે
–જગાડો.
– જે જાણે છે અને જાણે છે કે તે જાણે છે,
તે ડાહ્યો છે
– એને અનુસરો.

* * *

માત્ર અવલોકન પર જ આધાર રાખીને વિજ્ઞાનની સ્થાપના થઈ શકે નહીં. ઘણીવાર આપણે જાણતા જ નથી કે આપણે શેનું અવલોકન કરીએ છીએ. આપણે આપણા માટે જ જાણતા નથી કે આપણે ચોક્કસ પૂર્વગ્રહોથી પીડાઈએ છીએ. આથી અવલોકન દરમિયાન જે બધી માહિતી મળે છે તેમાંથી આપણા પૂર્વગ્રહ અને પોતાની માહિતીને આપણે અગ્રસ્થાન આપીએ છીએ. બાકીના તરફ બેધ્યાન રહીએ છીએ. આથી સાચા વૈજ્ઞાનિકે અવલોકનો ઉપરથી શકય એટલા પ્રયોગો કરવા જોઈએ. ખગોળશાસ્ત્રી કે જ્યાં પ્રયોગો શકય નથી ત્યાં અવલોકનો અને તારણોની વારંવાર અને અન્યો દ્વારા ચકાસણી થવી જોઈએ. ચંદ્ર–મંગળ પર સીધા ઉતરતા જ નવી માહિતી મળી, જે સૂચવે જ છે કે અવલોકનો અધૂરા છે.


સત્યાન્વેષણ

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

મનસુખ નારિયા
જનક બાબરીયા

ડો. સુષ્મા અય્યર

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ | સળંગ અંક : ૩૮૭ | Vol. 18 No. 2


## આપણાં અંગ–ઉપાંગોનું શું કરીશું ?

–સૂર્યકાન્ત શાહ

હજી તો આપણે કૃત્રિમ પ્રજ્ઞા (Artificial Inteligence - A - I) ની શોધને સમજવાનું શરૂ કર્યું છે. કૃત્રિમ પ્રજ્ઞા માનવજાતને કેટલી ઉપયોગી અને કેટલી નુકસાનકારક છે, એ તો એને શોધનારા પણ ખાતરીપૂર્વક કહી શકતા નથી. રોજી–રોટી આપનાર સરકાર, ઉદ્યોગપતિઓ અને બેન્કિંગ જેવી સેવા સંસ્થાઓ ચલાવનારા કૃત્રિમ પ્રજ્ઞાનો ઉપયોગ કરવા માંડયા છે. એના થકી વધારે બહેતર અને ઝડપી ઉત્પાદન સેવા મળવા માંડયા છે. તેથી સંસ્થાઓનાં ક્લાર્કથી માંડી ઓફિસરો અને ડૉકટરોથી માંડી ઈજનેરો સુધીના કર્યરત માણસોની ક્યાં તો જરૂર રહી નથી, અથવા ઓછી રહી છે. આથી એમને છૂટા કરવાનું શરૂ થયું છે. નવી આર્થિક પ્રવૃત્તિ કરવા માટે નવા માણસની જરૂર ઓછી પડે છે. આથી નોકરી કે પોતીકા ધંધા–વ્યવસાય કરવાની તકો ઓછી થઈ છે. બહેતર અને વધારે ઉત્પાદન અને ઓછી રોજગાર–તકો જેવી વિચિત્ર પરિસ્થિતિ પેદા થવા માંડી છે. આમ તો, યંત્રોનો ઉપયોગ શરૂ થયો ત્યારથી આ વિચિત્ર પરિસ્થિતિનું નિર્માણ શરૂ થઈ જ ગયુ હતું. આમ છતાં, વધતી વસ્તી અને વધતા વપરાશને કારણે એ પરિસ્થિતિને પહોંચી વળાતું હતું.


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

હવે મોટા ભાગના દેશોમાં વસ્તી ઘટવા માંડી છે. ભારતમાં પણ નજીકના ભવિષ્યમાં વસ્તી વધારો બંધ થશે. વપરાશની સીમા પણ આવવા લાગી છે. આથી યંત્રયુગમાં બેકારી તો હતી જ, પરંતુ એ કૃત્રિમ પ્રજ્ઞાને કારણે અસહ્ય થશે. રેશનાલિસ્ટો માનવકેન્દ્રી છે. બેકારી થકી માણસનો અને માનવ–મૂલ્યોનો હ્રાસ થાય છે. સંપત્તિનું સર્જન વધતા દરે વધે અને બેકારી પણ વધે તેનો અર્થ એ કે બહુ ઓછા લોકોના હાથમાં ખૂબ વધારે સંપત્તિ આવે. અસમાનતાની ખાઈ વધારે પહોળી અને ઊંડી થાય. અસમાનતા પણ માનવવાદથી વિરુદ્ધ છે. આ બધાના ઉપાય ઘણા છે, પરંતુ એમાંનો એક અસરકારક ઉપાય બેકારી ભથ્થુ આપવાનો છે.

કૃત્રિમ પ્રજ્ઞાને લગતી આ બધી ચર્ચા તો હજી હમણાં શરુ થઈ ત્યાં સમાચાર આવ્યા છે કે માનવ મગજમાં ચીપ બેસાડવાનું શકય બન્યું છે ! આ થવાને પરિણામે હવે મગજ જે વિચારે તે સીધું જ હમણાં તો કોમ્પ્યુટર અને મોબાઈલને કાર્યાન્વિત કરશે, પરંતુ સમય જતાં બીજા અનેક ઉપકરણોને વિચાર સીધો જ કાર્યાન્વિત કરશે. વિચાર અને થતા કાર્યની વચ્ચે અંગ–ઉપાંગો આવે છે. આ લખું છું તે બોલપેન મારા હાથમાં છે. મગજ વિચાર કરીને મારા હાથને આજ્ઞા કરે છે કે, 'બોલપેન લે, હું લખાવું તે પ્રમાણે લખ !' હાથ બિચારો તે પ્રમાણે કરે છે. મગજ અને લખાણ વચ્ચે હાથ વચેટિયો છે. ધીમે ધીમે હાથ સહિતના અંગ–ઉપાંગોની જરૂર જ પડવાની નથી ! મગજ સીધું જ સાધનોને કાર્યાન્વિત કરશે. હજી સુધી તો યંત્રોથી માંડી કૃત્રિમ પ્રજ્ઞા સુધી માણસોની બેકારીની ચિંતા થતી હતી. હવે તો આપણા અંગ–ઉપાંગોની 'બેકારી' (!)ની પણ ચિંતા થાય તેવી પરિસ્થિતિ પેદા થશે. માનવવાદને ધ્યાનમાં રાખીને જો આ પેદા થનાર નવી પરિસ્થિતિને વિચારીશું તો માલૂમ પડશે કે અંગ–ઉપાંગોને સક્રિય રાખવાથી માંડી હજી વધારે પ્રમાણમાં વધનારી બેકારી અંગે ખૂબ અસરકારક પગલાં લેવા પડશે. બેકારી ભથ્થાથી માણસ સ્વમાનભેર જીવશે. કસરત, પ્રવાસ, શોખ, સામાજિક મિલન–મેળાવડા, પરગ્રહ મુલાકાત જેવા અનેક નવા ઉપાયો વિચારવા પડશે કે જે આપણા અંગ–ઉપાંગોની બેકારી અટકાવે. આ માટે માણસ જો કામ કરવા માંગતો હોય અને એને એ નહી મળે તો એને ધરખમ બેકારી ભથ્થુ આપવું પડશે એ ચોક્કસ.

# રેશનાલિઝમ અને વાસ્તવિકતા

**–તંત્રી લેખ**

ઈશ્વર, ગોડ, ખુદાના ઈનકારથી રેશનાલિઝમની શરૂઆત થાય છે. આ 'ઈનકાર' નામના સ્ટેશને અટકી જનારા નાસ્તિક હોય છે. નાસ્તિક વિવેકી પણ હોય શકે, અને અવિવેકી પણ. વિવેકી નાસ્તિક રેશનાલિસ્ટ બનતો હોય છે. એના વિવેકમાં માણસ કેન્દ્ર સ્થાને હોય છે. એ માનવને કેન્દ્રમાં રાખીને વાસ્તવિકતાને મૂલવે છે. યુદ્ધ નરસંહાર કરે છે તેથી રેશનાલિસ્ટો એનો સખત વિરોધ કરે છે. શાંતિથી માણસ નિરાંત અનુભવે છે તેથી રેશનાલિસ્ટો એને આવકારે છે. એના નિર્ણયો વાસ્તવિકતાને જોઈ–તપાસીને લેવામાં આવે છે. નાસ્તિકો અને રેશનાલિસ્ટો અપાર્થિવ તત્ત્વના હોવાનો ઈનકાર કરે છે કારણ કે ઈશ્વર–ખુદા–ગોડનું નહીં હોવું વાસ્તવિકતા છે. મોટા ભાગના ધર્મો આ અવાસ્તવિક અપાર્થિવ તત્ત્વ હોવાનો નિરાધાર દાવો કરે છે. એ દાવાને સામાન્ય જન સુધી લઈ જવા અને એને પ્રભાવિત કરવા અનેક અતાર્કિક અને ખુલાસા નહીં થઈ શકે એવી દંતકથાઓનું સર્જન કરે છે. રેશનાલિસ્ટો એવી દંતકથાઓના સાહિત્યિક મૂલ્યને બિરદાવે છે, પરંતુ તેમાંની કલ્પનાઓ, ધારણાઓ અને ગપ્પાંનો અસ્વીકાર કરે છે. તેમાં વળી એવી દંતકથાઓમાં અને ધર્મના એજન્ટો દ્વારા અપાતા ઉપદેશોમાં જ્યારે આ અપાર્થિવ તત્ત્વ સર્વશક્તિમાન હોવાનો દાવો કરવામાં આવે છે ત્યારે રેશનાલિસ્ટો એનો જરા પણ સ્વીકાર કરતા નથી.

હમણાં અયોધ્યામાં અધૂરા બંધાયેલા રામમંદિરમાં જ્યારે રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે રામના હોવા વિશે અને રામ સર્વશક્તિમાન હોવાના દાવા વિશે ઘણી શૈક્ષણિક, સંશોધનાત્મક અને ઘેલછા ભરપૂર ચર્ચા થઈ, આપણે વાસ્તવવાદી રેશનાલિસ્ટો સંશોધનો થકી રામ અંગેની વાસ્તવિકતા શું છે તે જાણવામાં રસ ધરાવીએ તે સ્વાભાવિક છે. આ અંગે સૌથી પહેલી એ બાબત વિચારવાની થાય કે, રામ કયા સમયગાળામાં થઈ ગયા. (૧)રામને લગતા સાહિત્ય (૨) શિલ્પ–સ્થાપત્યના પુરાવા (૩) રામના ચોક્કસ સમય–ગાળામાં હોવા વિશે દાવાઓને આ બાબતમાં તપાસી શકાય.

ગ્રહોના સ્થાનને તપાસીને એક દાવો એવો કરવામાં આવે છે કે રામ ઈ. પૂર્વે ૫૧૧૪ માં જન્મેલાં. રામને લગતા શિલ્પ–સ્થાપત્યને તપાસવામાં આવે છે તો એવું માલૂમ પડે છે કે રામ ઈસુ પછીની પાંચમી સદીમાં થઈ ગયા. મળેલી કેટલીક હસ્તપ્રતો અને સાહિત્યને તપાસવામાં આવે છે તો રામ ઈ.પૂર્વેની ત્રીજી સદીમાં થઈ ગયા હોવાનું દેખાય છે.પોતાને જેઓ ચમત્કારિક વ્યક્તિઓ હોવાનો દાવો કરે છે. તેઓ પહેલો દાવો કરે છે કે વેદોમાં સમાવિષ્ટ ગુણો બાબતોને સમજવાનો એમનો જ વિશેષાધિકાર છે.

એમનો બીજો દાવો એ છે કે એ વિશેષાધિકારનો ઉપયોગ કરતા એમને માલૂમ પડયું છે કે ઈ. પૂર્વે ૧૪૦૦માં ઈજિપ્તમાં જે રામેસીસ નામના મહાન યોદ્ધા થઈ ગયા તે રામ હતા ! આમ રામના હોવાના સમયગાળા માટે જે પુરાવાઓ અને દાવા છે તે તપાસીએ તો એમના હોવાનો સમયગાળો લગભગ ૫૪૦૦ વર્ષ દરમિયાન કોઈપણ સમયગાળો છે ! આ સમયગાળો એટલો લાંબો છે કે રામનું હોવું એ વાસ્તવિકતા છે કે એક વધારાની દંતકથા છે તે માત્ર રેશનાલિસ્ટોએ જ નહીં પરંતુ રામભકતોએ પણ વિચારવું પડે.

વિશ્વમાં ત્રણસોથી વધારે રામાયણો છે. એમાંના મોટાભાગના રામને એક જ પત્ની હોવાનું જણાવે છે, જ્યારે બીજા કેટલાક એમને ચાર પત્ની હોવાનું જણાવે છે ! વાસ્તવિકતા શોધતા રેશનાલિસ્ટોએ કયા વિધાનને સાચું માનવું એ કોયડો થઈ પડે છે.


જે બધાં રામાયણો છે તેમાં સોનેરી મૃગ નહીં હોવાની ખાતરી છતાં એનો શિકાર કરવાને દોડતા રામ, સીતાને પામવા રાવણની કરેલી છેતરપિંડી, ગર્ભવતી સીતાનો ત્યાગ અને રામરાજ્યમાં શૂદ્રોની અપમાનિત દશા જેવી રામની ખામીઓ દેખાય છે. આથી સવાલ ઉભો થાય છે કે રામને સર્વશક્તિમાન અને દોષરહિત ભગવાન માનવામાં આવે તેની સાથે આ ખામીઓ બંધબેસતી નથી. આથી એ મુદ્દા પર સંશોધન થયાં કે આ સર્વશક્તિમાન ઈશ્વર, ખુદા, ગોડની સંકલ્પના કયારથી શરુ થઈ.

સંશોધનો જણાવે છે કે સર્વશકિક્તમાન અપાર્થિવ તત્ત્વની સંકલ્પના મૂળ ભારતની છે જ નહીં ! સર્વશકિક્તમાન ઈશ્વરની આખી સંકલ્પના જ આપણે ત્યાં આવેલા મુસલમાનો, તુર્કો અને ખ્રિસ્તીઓ આજથી આઠસો વર્ષ પૂર્વે લઈ આવ્યા ! મોટા ભાગના રામાયણો તો આઠસો વર્ષથી જુના છે અને તે સેંકડોની સંખ્યામાં છે. એ સમયે રામચરિત લખનારાએ રામને સર્વશકિતમાન માન્યા જ નહોતા ! આથી એમને સહજભાવે રામની ખામીઓને પણ રામાયણનો ભાગ બનાવેલી. ટૂંકમાં ઐતિહાસિક ક્રમ અને એક ભગવાન હોવાની રામની માન્યતા પરસ્પર બંધબેસતી નથી. પરિણામે રેશનાલિસ્ટો જે તર્કાધારિત, હકીકતાધારીત અને ઐતિહાસિક પુરાવા આધારિત વાસ્તવિકતા શોધે છે તે મળે એમ જ નથી. રામને હાથે જ શંબુક વધ અને શૂદ્રોની અપમાનિત દશા માનવકેન્દ્રિતા પ્રમાણે પણ સ્વીકાર્ય બનતી નથી.

આમ, રામાયણો અને રામ દેશના મોટા ભાગના લોકોના હૃદયમાં વંદનીય સ્થાન પામ્યા છે તે હકીકતનો જ રેશનાલિસ્ટોએ સ્વીકાર કરવો પડે. (ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, અમદાવાદના તા. ૨૪–૧–૨૪ અંકમાંથી મળેલ કેટલીક માહિતીના આધારે આ તંત્રીલેખ તૈયાર થયો છે.)

# સુષ્મા અય્યરને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ સમારોહની ભીતરમાંનો બૌદ્ધિક વ્યાયામ-૪

**પ્રેષક : સૂર્યકાન્ત શાહ**




ખારેલ મુકામે ચાલતા 'ગ્રામ સેવા ટ્રસ્ટ'ના ડૉ. અશ્વિન શાહે સમારોહમાં અતિથિ વિશેષ તરીકે પ્રવચન આપતા જણાવ્યું કે સત્યશોધક સભા જે સામાજિક અને વૈચારિક ક્રાંતિ માટે કાર્ય કરી રહી છે તે સામા પવને હલેસા મારવા જેવું કામ છે. સભાનાં કાર્યો આખરે તો રેશનાલિઝમના પ્રચાર–પ્રસારનું અને માનવવાદની નીંવ નાંખવાની દિશાના છે. રમણ પાઠક તો દક્ષિણ ગુજરાતના રસેલ હતા. એમના નામે કસાયેલા અને પ્રતિબદ્ધ લોકોને સુવર્ણચંદ્રક અપાય છે તે છેવટે તો એના લેનારનાં રેશનાલિઝમ અને માનવાદ સંબંધિત કરેલા કાર્યોની સકદર નોંધ તો છે જ, પરંતુ એમને આ દિશામા વધુ કાર્ય કરવા માટે પ્રોત્સાહિત પણ કરે છે. ડૉ. સુષ્મા એ માટે સંપૂર્ણ હકદાર છે. આથી જ તો એમને સત્યશોધક સભાએ એક વધુ સંનિષ્ઠ કાર્યકર તરીકે બિરદાવ્યા છે. સમાજમાં અંધશ્રદ્ધાથી માંડી ડાકણ હોવાના બધા દુઃખ મહિલાઓએ જ ભોગવવાના આવ્યા છે. આથી આ સુવર્ણચંદ્રકથી આભૂષિત એક મહિલાને આજે પ્રોત્સાહન મળે છે કે તે વહેમ–અંધશ્રદ્ધામાંથી મહિલાઓને મુક્ત કરવા માટે યત્ કિંચિત ફાળો આપે.

કેટલાક ડૉકટરોમાં પણ પોતાની બુદ્ધિ અને કસબમાં વિશ્વાસને બદલે અપાર્થિવ એવા ભગવાન, ખુદા, ગોડ પર વિશ્વાસ મૂકે છે તે એક દુઃખદ અને ચોંકાવનારું વલણ છે. આવા ડૉકટરોથી માંડી એવા દંપતિ સુધી આ વહેમ–અંધશ્રદ્ધા કેર વર્તાવે છે કે જેમાં કમળપૂજાના નામે એ આત્મહત્યા કરે છે ! આ બધાના મૂળમાં ધર્મે ફેલાવેલા નિરાધાર દાવાઓ છે. લગભગ બધા ધર્મોનો દાવો છે કે આત્મા અને પરમાત્મા છે. પરિણામે આત્મા–પરમાત્મા સંલગ્ન અનેક વહેમો પેદા થાય છે. અંધશ્રદ્ધા ઘટ્ટ બને છે. અંગદાનથી તો લોકોને સમજાવું જોઈએ કે એક આત્મા ધરાવતું એક અંગ બીજા આત્મા ધરાવતા બીજા શરીરનો ભાગ બની શકે નહીં. મુશ્કેલી એ છે કે નજર આગળ બનતી આવી અનેક ઘટનાઓના મર્મ લોકો સમજવા જ માંગતા નથી !

ધાર્મિક વ્યવસ્થા હેઠળ મોટા ભાગના વિશ્વમાં ઉપલો વર્ગ વંચિતોના શોષણનો પરવાનો મેળવે છે. ૧૭ મી સદીમાં દેકાર્ત કાનર, સ્પીનોઝા અને એવા અન્ય ચિંતકોએ આ શોષક વ્યવસ્થા સામે બળવો પોકાર્યો. પરિણામે યુરોપમાં રેનેસાંનો યુગ શરૂ થયો. આ સમયથી લોકો વચ્ચે એક સંદેશો તો ખૂબ અસરકારક રીતે પહોંચ્યો છે કે ધર્મગ્રંથ, ધાર્મિક નેતાઓ અને એમની સાથે શોષણની બળવાન કડી, રાજકરણીઓની વાતો સત્ય માનતા પહેલાં બૌદ્ધિક ચકાસણી માંગે છે. તેમાં જો એ પાર નહીં ઉતરે તો એનો અસ્વીકાર કરી શકાય. આ એક શરૂઆત હતી. યુરોપમાં ઘણા દેશોએ તેના બહોળા પાયે સ્વીકાર કર્યો. આપણા જેવા દેશોમાં તેનો ઓછો સ્વીકાર થયો છે. આપણે ત્યાંના ગણનાપાત્ર સંખ્યાના શિક્ષિતો પોતાના ક્ષેત્રોમાં કદાચ પ્રવીણ હશે, પરંતુ તે સિવાયના ક્ષેત્રોમાં તદ્દન અશિક્ષિત હોય તેવું વર્તે છે. વિજ્ઞાનનો શિક્ષક વર્ગમાં જાય ત્યારે માંદળિયુ પહેરીને જાય તે એક ઉદાહરણ છે. આવાં ઉદાહરણો તમને ડગલે ને પગલે મળશે. ચિંતાનો વિષય એ છે કે પાખંડને પોષણ આપતાં આ પરિબળો આજે વધારે ને વધારે પ્રભાવક થતા જાય છે.

આ પરિબળોને અંકુશમાં અને છેવટે નષ્ટ કરવા માટે તર્ક, હકીકતને સમજવાની શક્તિ અને માનવ–કેન્દ્રિતાની જરૂર પડે છે. મગજને આળસુ જ રાખવા માંગતા મોટા ભાગના લોકો આ બાબતોનો સ્વીકાર કરતા નથી. અંધશ્રદ્ધામાં તણાઈ જવાનું કુદરતી છે. કારણ કે તેનાથી મગજની આળસ પોષાય છે. વિવેકબુદ્ધિનિષ્ઠ બનવું માનવીય છે. આપણે 'માનવ'ને બદલે 'પશુ' થવાનું વધારે પસંદ કરીએ છીએ.

વિચિત્ર પરિસ્થિતિ એ પેદા થઈ છે કે મુટ્ઠીભર વૈજ્ઞાનિકો અને વિવેકબુદ્ધિનિષ્ઠ લોકોની અથાક મહેનતને પરિણામે જનજીવનમાં વિજ્ઞાન અને ટેકનોલૉજીનો ભરપૂર ઉપયોગ થવા માંડ્યો છે એનો ઉપયોગ કરવાની સાથે સાથે મોટા ભાગના લોકો અવૈજ્ઞાનિકતામાં રાચે છે ! પરિણામે આપણું સમાજજીવન પરસ્પર વિરોધી એવાં પરિબળો વચ્ચે વિચ્છિન્ન સ્વરૂપ પકડે છે. શીતળા નાબૂદીની રસી મૂકાવનાર શીતળા સાતમ કરે એ આ વિચ્છિન્ન સ્વરૂપવાળા સમાજજીવનનું એક ઉદાહરણ છે. આવાં અનેક ઉદાહરણો આપણી આજુબાજુમાંથી જ જોવાનાં મળે છે. સમાજના આ વિચ્છિન્ન સ્વરૂપને સમજનારા

પણ તે છોડી શકતા નથી કારણ કે નિર્દય સમાજનો ડર એમને સતાવે છે. સમાજના આ ડરમાં બિલકુલ અવાસ્તવિક એવા ઈશ્વર, ખુદા કે ગૉડના ગુસ્સાનો ડર ઉમેરવામાં આવ્યો છે. આથી સલામતી ઈચ્છતો પણ વિવેકબુદ્ધિનિષ્ઠ માણસ વિવેકબુદ્ધિજીવી બની શકતો નથી. સત્યશોધક સભાના વિવેકબુદ્ધિજીવી કાર્યકરો અને એવા જ અન્ય કાર્યકરો માટે આ ગ્લાનિનો વિષય છે. આ વિચ્છિન્નતાને મજબૂત કરવા માટે આપણા પ્રચાર માધ્યમો જોરશોરથી લાગી પડયા છે. સત્તાધીશોનું એમાં સ્થાપિત હિત છે. તેથી તેઓ જ માધ્યમોને બરાબર પોષે છે. એમાં તેઓ પોતાની સંસ્કૃતિ, ધર્મ, દેશના મિથ્યાભિમાનની ભેળસેળ કરે છે. પ્રજાને મિથ્યાભિમાનમાંથી ખૂબ આનંદ મળે છે. કોઈ વ્યક્તિને જ્યારે એવું સાંભળવા મળે કે 'એનો ધર્મ બીજા ધર્મો કરતાં શ્રેષ્ઠ છે' ત્યારે એને ખૂબ આનંદ થાય છે.

આવી આ પરિસ્થિતિમાં સત્યશોધક સભા આવા કાર્યક્રમો યોજે, અને તેમાં ભાગીદાર થવાનું મને મળે અને મારા વિચારો વ્યક્ત કરવાનું મળે તેને હું એક સુખદ અવસર ગણું છું. તેવો અવસર આપવા માટે સભાનો આભાર...

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતી–ભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# જીવનની સંકુલતા : અલભ્ય

આપણે સચરાચરમાં જેટલું જોઈ અને સાંભળી શકીએ છીએ તેનાથી એટલું તો નકકી થાય જ છે કે આપણા જોવા–સાંભળવાના વિસ્તારમાં જીવન જેવું કશું નથી. સચરાચરના આપણા જોયેલા–સંભળાયેલા ખાસ્સા મોટા વિસ્તારમાં જીવન નહીં હોવાનો અર્થ એ થાય કે આપણા પૃથ્વી પરનું જીવન અને એની સંકુલતા અલભ્ય છે. એ અલભ્ય છે કારણ કે જીવનની સંકુલતા પોતે એક ખૂબ નાજુક સમતુલા છે. જીવનમાં સમાવિષ્ટ રસાયણો અને મોડયુલ્સ એ તાપમાનના ચોક્કસ વિસ્તારમાં જ એકબીજા સાથે બંધાયેલા રહે છે. જુઓને જેના પર જીવોનો અનિવાર્ય એવો આધાર છે એ પાણી માત્ર ૧૦૦$^{\circ}$ સેન્ટિગ્રેડમાં વરાળ થઈ જાય છે ! પૃથ્વી પર જીવન હોવાની વાત કરીએ ત્યારે એ સમજવું જરૂરી છે કે પૃથ્વીના ચોક્કસ વાતાવરણવાળા પ્રદેશોમાં જ એ વધારે વિકસે  છે. પૃથ્વી પર આવતા હિમકાળ અને ગ્રીનહાઉસ વાયુઓને કારણે આવતા કાળઝાળ ગરમીના સમયગાળાની વચ્ચે તાપમાન જ્યારે મધ્યમ થાય છે ત્યારે જીવન વિકસે છે. આપણી પૃથ્વીનું કદ જરા નાનું કે મોટું હોત, સૂર્યથી પૃથ્વીનું અંતર જરાક ઓછું કે વધતું હોત, ધરી પર પૃથ્વીનું નમવું જરાક વધતુ કે ઓછુ હોત. બીગ બેન્ગ પછી જે બધું વ્યવસ્થિત ચાલતુ, તેમાં સમયાંતરે ભંગ નહીં પડયા હોત, તો અત્યારે જે પ્રકારનું જીવન અસ્તિત્વમાં છે તે પાંગરું નહીં હોય. આથી સ્વીકારવું પડે છે કે જીવનની સંકુલતા ખૂબ નાજુક અને સચરાચરમાં અલભ્ય છે.

*　*　*

અવકાશમાં આપણે જેમ જેમ દૂરનું જોઈએ છીએ તેમ તેમ ભૂતકાળમાં જોઈએ છીએ  આપણે જે પળે સૂર્યને જોઈએ છીએ તે સૂર્ય આપણી જોવાની પળ કરતાં પહેલાનો હતો તે જોઈએ છીએ. આપણે પચાસ હજાર પ્રકાશવર્ષ દૂરની જે નિહારીકા જોઈએ છીએ તે પચાસ હજાર વર્ષ જૂની હતી તે દેખાય છે.

# સત્યશોધક સભાને દાન

સત્યશોધક સભાના ચાહક સુરેન્દ્રભાઈ પટેલે એમના માતા–પિતા પ્રેમીબેન અને જગુભાઈના સ્મરણાર્થે રૂા. ૧,૫૦૦/– નું દાન આપ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

૧૬–૧–૨૪

**સૂર્યકાન્ત શાહ**
(પ્રમુખ)

## વાચકનો મિતભાષી અભિપ્રાય

—અશ્વિનકુમાર ન. કારીયા

### વર્લ્ડ કપ અને ધાર્મિક ઉન્માદ

તાજેતરમાં અમદાવાદ મુકામે ભારત–ઓસ્ટ્રેલિયા વચ્ચેની ફાઈનલ વર્લ્ડ કપ ક્રિકેટ મેચમાં ઑસ્ટ્રેલિયાની સરળતાથી જીત થઈ. ભારતની જીત માટે ઠેરઠેર પ્રાર્થનાઓ, હવનો તથા ખુદ વડાપ્રધાનશ્રી મેચ વખતે ઉપસ્થિત રહ્યા.

૨૦૦૧માં પણ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ કપ ફાઈનલ મેચ યોજાઈ હતી, ત્યારે પણ આવો જ ધાર્મિક ઉન્માદ પ્રવર્તતો હતો. તેમાં પણ ભારતની હાર થઈ હતી. તે સમયે ભારતીય ટીમના કેપ્ટન સૌરવ ગાંગુલીએ પહેરેલ માંદળિયાઓનું વજન તેના બેટના વજન કરતા વધારે હતું. ઠેરઠેર હવનો યોજાયા હતા. સૌરવ ગાંગુલીના ઘરે (કલકત્તામાં) આખો દિવસ સફળતા માટે હવન, પૂજા કરવામાં આવી હતી. ઑસ્ટ્રેલિયાના વિજય વખતે કોઈ ઉજવણી તે દેશમાં થઈ ન હતી, ફટાકડા ફૂટયા ન હતા કે વિજય સરઘસો નીકળ્યા ન હતા. તે સમયના વિજેતા ટીમના કપ્તાનને તેમના વિજયનું રહસ્ય પૂછવામાં આવતાં તેમણે જવાબમાં કહ્યું કે દ્રઢ નિશ્ચય અને સખત મહેનતથી કોઈપણ મેચ જીતી શકાય છે.

કોઈપણ મેચમાં હાર–જીત રમત–ગમતનો ભાગ છે. ભારતીય તરીકે આપણા દેશની જીત માટેની ઈચ્છા સ્વાભાવિક છે, પરંતુ તેને ધાર્મિક ઉન્માદ સાથે જોડવાથી કે જયશ્રી રામના નારાથી જીત થતી નથી તે સ્પષ્ટ થયું છે. દરેક બાબતને આપણે ધર્મ સાથે જોડતા રહ્યા છીએ, આમાંથી મુકત થઈ વાસ્તવિકતા સાથે આપણે જોડાવાની જરૂર છે.

અભિપ્રાય સત્યાન્વેષણ અંક ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪નું મુખપૃષ્ઠ ખૂબ જ ગમ્યું. સત્યાન્વેષણ અંકમાં રેશનાલિસ્ટ કેવા હોય ? રેશનાલિસ્ટ વિચારધારા શું છે ? કેવી રહેશે ? સાંપ્રત સમયમાં માનવે કેવી રીતે વર્તન કરવું જોઈએ ? સાચો આનંદ અને ઉત્તમ જીવન કેવી રીતે જીવી શકાય, તે માટેનું માર્ગદર્શક ઉપયોગી અંકો પ્રકાશિત કરતું રહે છે. તેમાં આવતા ગુણવતા સભર લેખો તે તંત્રીલેખ ખૂબ જ સરળભાષામાં સત્યની નજીક જીવન પ્રેરક જીવનને ઊંચાઈ પર લઈ જનારા હોય ર્ે તે માટે સંપાદક ટીમ અને તંત્રીને હૃદયપૂર્વકના ધન્યવાદ.

આ અંકમાં માનવવાદના સિદ્ધાંતોનું નિવેદન પ્રો. અશ્વિનકુમાર ન. કારીયા સમગ્ર માનવજાત માટે અને રેશનાલિસ્ટો માટે આધુનિક જીવનશૈલી આનંદભર્યું જીવન જીવવા માટે દીવાદાંડી સમાન માર્ગદર્શક લેખ છે.

તંત્રીલેખ ખૂણો પાળતી બિનસાંપ્રદાયિકતા જે સાચી સમજણ અપાય છે તે

યથાર્થ છે. સાથે રેશનાલિસ્ટ સચેત જાગૃત રહી શાંત ક્રાંતિની હિમાયત સ્વીકારી પ્રગતિશીલ વિચારધારા આગળ વધારવાની વાતો ગમી ગઈ અને દરેકે તે અમલમાં મૂકવા જેવી ખરી. રેશનાલિસ્ટની સંખ્યા એક અબજ નજીક પહોંચી મોટી સંખ્યામાં દુનિયામાં રેશનાલિસ્ટ વિચારધારા ધરાવતા બની રહ્યાં છે તે જાણવા મળ્યું.

રેશનાલિસ્ટ બિપીન શ્રોફ પરનો લેખ તેમનું વિરાટ કાર્ય સંઘર્ષ જાણવા મળ્યું. પ્રેરણા મળી. અંતે સભાના મંત્રી દ્વારા પૂછાયેલા સવાલનો જવાબ સૂર્યકાંત શાહ આપે છે તે એકવાર અને ફરી ફરી વાંચીને આનંદ મળે છે. સમજણ વિકસીત થઈ જવાબ વાંચવાથી ઉત્તર બહુ જ ગમ્યો. મજા પડી.

રવિવારની મોડી સાંજે આખો અંક વાંચી મોજ આવી ગઈ તાજા બની ગયા.

## ચિંતનકણિકા

**–મોહનભાઈ પટેલ**

* દુઃખી મનુષ્ય માટે એક જ દવા છે....અને તે આશા. –શેક્સપિયર
* માનવ માનવ વચ્ચેની અસ્પૃશ્યતા એ સૌથી મોટી અંધશ્રદ્ધા છે. –ડૉ. પારિતોષ
* જીવનમાં હતાશા, નારાજગી અને લાચારીનો ભાવ જીતશો તો કંઈપણ કરવા માટે તમે સક્ષમ છો. -Lech Walesa
* ભયના કારણે પૃથ્વી પર દેવોની કલ્પના સાકાર બની છે. –લ્યુક્રેરીયસ
* વિવેકબુદ્ધિ અને સ્પષ્ટવાણી એ બે બાબતોમાં માણસ પશુ કરતાં ચડિયાતો છે. –પર્કાસ
* સત્ય શોધવા માટે જિંદગીમાં એકવાર શકય હોય ત્યાં સુધી, દરેક બાબત વિશે સંશય કરવો જોઈએ. અને જે સાચું લાગે તેની પણ શંકા કરવી જોઈએ. –રે ને દેકાર્ત (૧૫૯૬–૧૬૫૦)
* સત્ય હજુ તો ચાલવાની તૈયારી કરી રહ્યું છે, ત્યાં સુધીમાં તો અસત્ય અડધી દુનિયામાં પહોંચી જાય છે. –વિસ્ટર્ન ચર્ચીલ
* હકીકતમાં આપણી સમક્ષ બે બાબતો રહેલ છે, વિજ્ઞાન અને અભિપ્રાયઃ વિજ્ઞાન જ્ઞાનને અને અભિપ્રાય અજ્ઞાનને વધારતા હોય છે.
* ભગવાન શબ્દનું મારે કોઈ મહત્વ નથી, માનવ નબળાઈની એ અભિવ્યક્તિ અને પેદાશ હોવા કરતાં એનામાં વધારે કશું નથી. બાઈબલ ભલે સન્માનીય હોય, પણ વાસ્તવમાં એ તો અક્કલ વગરની અને બાલીશ દંતકથાઓનો સંગ્રહ છે. –આલ્બર્ટ આઈન્સ્ટાઈન

## 'ચાર્વાક' (નવલકથામાંથી) સાભાર

–કલ્પેશ પટેલ

(કમલાદેવી નામની ગણિકાને ચાર્વાક સાથે પ્રેમ થઈ ગયો. સુબંધુ નામનો રાજ્યમંત્રી કમલાદેવીના દેહનો ઉપભોગ કરતો હતો. આથી તેઓ ચાર્વાકને દુશ્મન માનતા હતા. ગૌતમપાદજી રાજ્યપંડિત હતા. ચાર્વાકના નાસ્તિકતાને ઉજાગર કરતાં વિચારોને જનમાનસમાં પ્રવેશવા દેવા જોઈએ નહીં તેવું તે માનતા. ચાર્વાકની ગેરહાજરીમાં સુબંધુએ કમલાદેવીનું ખૂન કર્યું. એ ખૂનનું આળ ચાર્વાક પર ચઢે તેવું એમણે ષડયંત્ર ગોઠવ્યું. રાજસભામાં એનો મુકદ્દમો ચાલ્યો. મુકદ્દમાનું વર્ણન કરતા લેખક કલ્પેશ પટેલે લખેલા કેટલાક વાકયો)

'સત્ય'ને સાથે રાખીને જીવનારા મનુષ્યને ફાળે અંતે તો મૃત્યુદંડ જ આવે છે. મનુષ્યને 'સત્ય'ની આ યાત્રા એવા સ્થાને લઈ જઈને મૂકી દે છે, જ્યાં તે સર્વથા એકાકી હોય છે.

* * *

પ્રમાદી, સ્વકેન્દ્રી અને ભોગવાદી દેવો થવા કરતાં પરિશ્રમી, સ્વાશ્રયી અને સક્ષમ દાનવ થવું સહસ્ત્રગણું ઉત્તમ છે ! કથિત દેવો મિથ્યાભિમાની અને સ્વાર્થી હોય છે. હું તો એવા મનુષ્યસમાજમાં માનું છું. જે પરસ્પર સ્નેહ રાખે. બીજાનો વિચાર કરે. પરલોકને ભૂલીને આ લોકને સુંદર બનાવે.

* * *

પૂજા, અર્ચન, કર્મકાંડ, યજ્ઞ, યાગાદિ ભ્રમણાઓ છે. છલના છે. મર્યાદિત લોકોનું જીવનમાપન એના દ્વારા થાય છે, પરંતુ પ્રજા એથી અંધકારમાં સબડતી રહે છે.

* * *

હું ભોગવાદમાં નહિ, ભૌતિકવાદમાં માનું છું.

* * *

મારી અનુપસ્થિતિમાં કેટલાક સ્વાર્થી અને દુષ્ટ લોકોએ મારી પ્રિયા કમલા પર બળાત્કાર ગુજાર્યો, એના પેટના બાળક સહિત એની હત્યા કરી નાખી, અને એનો આક્ષેપ મારા પર મૂકયો. એમના ઈશ્વરે એમને જે કાંઈ સૂચવ્યું હશે એ એમણે કર્યું !

* * *

આપણી પરંપરા પ્રમાણે વિરુદ્ધ વિચારો ધરાવનારા મનુષ્યને પણ આપણે સાંભળવો જોઈએ. જે આપણા વિચારોમાં ન માનતો હોય એને મારી નાંખવો તે માનસિકતા ભયાનક છે અને ખતરનાક પણ !

* * *

તમે તો પુનર્જન્મમાં પણ માનો છો, પરંતુ એ પણ તમારો દંભ છે ! તમે પણ મારી જેમ જ માનો છો કે, ભસ્મીભૂત થયેલા દેહનું પુનરાગમન શકય નથી અને એટલે જ મને મૃત્યુદંડ કર્યો છે. પરંતુ તમારે તમારી આજીવિકા ટકાવવી છે તેથી જ તમે આત્મા, ઈશ્વરને પુનર્જન્મનાં ફીફાં ખાંડો છો...હા...હા...હા...હા... પરંતુ હું મરવાનો નથી. સત્ય કદાપિ મરતું નથી.

* * *

છેવટે : (ચાર્વાકને દેહાંતદંડની સજા થઈ ! વાસ્તવમાં સત્યનું ખૂન થયું. આમ છતાં, ચાર્વાકે મરતા પહેલા આ આસ્તિકોની આ અવાસ્તવિક કલ્પનાને આધારે એક દલીલ તો કરી જ.)

**'ચાર્વાક નવલકથાનું પ્રાપ્તિસ્થાન'**

**પાર્શ્વ પબ્લિકેશન, ૧૦૨, નંદન કોમ્પ્લેક્ષ,** મીઠાખલી ગામ,

રેલવે ફાટક સામે, અમદાવાદ–૩૮૦ ૦૦૬.

---

## રેડિયો મોજાંની કમાલ

રડારમાંથી રેડિયો મોજાં ફેંકવામાં આવે છે. એ કોઈપણ પદાર્થ સાથે અફળાઈને પરત આવતા હોય છે. જો આ રેડિયો મોજાં રડારથી શનિ પર મોકલવામાં આવે તો પ્રકાશની ગતિએ એ મોજાંને શનિ પર પહોંચતા ૧.૨ કલાક થાય. ત્યાંથી અફળાઈને જે એ પૃથ્વી પર પરત આવે તો એકંદરે એને જવા આવવાના ૨.૪ કલાક થાય એનો અર્થ એ કે એ મોજાં પૃથ્વી પરની ૨.૪ કલાક પૂર્વેની પરિસ્થિતિ દર્શાવી શકે ! યુદ્ધો અને ધર્મો પાછળ નુકસાનકારક જંગી ખર્ચ કરતાં આપણા રાજકારણીઓ આવા બધા પ્રયોગો કરવા માટે નાણાં ફાળવે તો આપણે કેટલા બધા જ્ઞાન સમૃદ્ધ થઈએ ! બધે જ જરૂર છે રેશનાલિઝમની !

## અતીતમાં ડોકિયુ

**–મુકેશ પાઠક, વડોદરા**

વડોદરામાં ગુજરાત નેચર કોન્ઝર્વેશન સોસાયટી નાગરિકોમાં અને તેમાંયે વિદ્યાર્થીઓમાં પ્રકૃતિના જતનની સાથે સાથે વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં પાયાનું કાર્ય કરે છે. એના મુકેશ પાઠક એક સમયે સત્યશોધક સભા સંચાલિત બાલ વિજ્ઞાન કોંગ્રેસના આગેવાન કાર્યકર હતા. એમણે સંસ્થાના ઈ.સ. ૧૯૮૨ થી ૨૦૨૩ સુધી કામકાજની ટૂંકમાં મુદ્દાસર માહિતી આપતી પુસ્તિકા 'અતીતમાં ડોકિયું' પુસ્તિકાનું સંપાદન કર્યું છે. સંસ્થા પર્યાવરણની જાળવણી માટે વડોદરામાં જે પ્રવૃત્તિઓ કરે છે તેમાં સિધચેટ વિસ્તારની કરેલ કાયાપલટ, કિટક સંગ્રહાલય, હવામાન નિરીક્ષણ વેધશાળા, પુસ્તકાલય, ખગોળ વેધશાળા, પ્રકૃતિ શિક્ષણ ઉદ્યાન, ઉનાળુ પ્રકૃતિ વેકેશન કેમ્પ, પરોક્ષ વર્ગોનું સંચાલન, વિવિધ પ્રકલ્પો અને સંશોધનો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવનાર પોતાના વિસ્તારમાં પણ વૈજ્ઞાનિક અભિગમ કેળવતી પ્રવૃત્તિઓ કરે તેનું સચોટ માર્ગદર્શન પ્રાપ્ત કરે તેમ છે. તેમ કરીને તેઓ મુકેશભાઈ અને સાથીઓની જેમ પોતાના વર્તુળમાં રેશનાલિઝમના સિંચન કરી શકે તેમ છે.

## દશ ગોત્રના પીંડો

'સત્યાર્થ–પ્રકાશક'માં દયાનંદ કહે છે કે, જે લોકો એમ માને છે કે દશગોત્રના પીંડોથી દશ અંગ સંપીડી (મરેલા પાછળ કરવામાં આવતી પીંડદાન વગેરેની પૌરાણિક વિધિ) કરવાથી શરીરની સાથે જીવનો મેળ થઈને અંગુતૂમાત્ર એટલે કે અંગુઠા જેવડું શરીર બનીને પછી યમલોકમાં જાય છે, તેમને કહેવું જોઈએ કે તો પછી મરણ સમયે યમદૂતોનું આવવું વ્યર્થ છે. તેમણે તો તેર દિવસ પછી આવવું જોઈએ.

## લેખકોને આમંત્રણ

**રેશનાલિઝમને કેન્દ્રમાં રાખીને મિત્રો પોતાની કૃતિ 'સત્યાન્વેષણ' પ્રસિદ્ધ કરવા મોકલે તેનું હાર્દિક આમંત્રણ છે.**

# કેટલાક બુદ્ધિજીવીઓ આપણી અંધશ્રદ્ધાને તૂટવા દેતાં નથી

—એન. વી. ચાવડા

(એન. વી. ચાવડા હવે આપણી વચ્ચે નથી. તેઓશ્રી આપણી વચ્ચે શબ્દદેહે છે. એ શબ્દદેહના ભાગ સ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશુ. —સૂ.)

એક જ અસત્યને વારંવાર હજારો—લાખો વાર દોહરાવીને તેને સમાજના માનસમાં સત્ય તરીકે સ્થાપી દેનારા ઉસ્તાદ અને પરાક્રમી બુદ્ધિજીવી વિદ્વાનો કદાચ ભારત સિવાયના કોઈ અન્ય દેશમાં જોવા નહીં મળે. તાજેતરમાં જ એક વિદ્વાને સદીઓથી ચાલ્યા આવતા એક જૂઠાણાનો પુનરોચ્ચાર કર્યો કે મહમ્મદ ગઝની આપણી આસ્થા તોડી શકયો નહોતો, કારણ કે આપણે મંદિર ફરીથી બાંધ્યું.

વાસ્તવમાં ઐતિહાસિક તથ્ય એ છે કે મહમ્મદ ગઝનીએ આપણી બન્ને આસ્થાઓ તોડી નાંખી હતી. આપણી પ્રથમ આસ્થા એ હતી કે ભગવાન સોમનાથ આપણું રક્ષણ કરે છે અને આપણી બીજી આસ્થા એ હતી કે ભગવાન સોમનાથના લિંગમાંથી ત્રીજું નેત્ર ફૂટશે. તેના અગ્નિમાં ગઝની સહિત એનું સૈન્ય બળીને ખાક થઈ જશે. ઈતિહાસ કહે છે કે ભગવાન સોમનાથ આપણું રક્ષણ કરી શકયા નહોતા કારણ કે ગઝની સામેના યુદ્ધમાં આપણે માર ખાધો હતો, હારી ગયા હતાં. ગઝનીએ મંદિર અને શિવલિંગનો પણ નાશ કર્યો હતો. શિવલિંગમાંથી ત્રીજું નેત્ર પણ ફૂટયું નહોતું.

વિચારણીય પ્રશ્ન એ છે કે, 'આપણી બે ય આસ્થાઓ ગઝનીએ તોડી કેમ નાંખી હતી ?' એનો જવાબ એ છે કે એ બેય આસ્થાઓ અંધશ્રદ્ધાઓ હતી, એમાં સત્ય નહોતું. તેથી ગઝની આપણી બંને આસ્થા તોડવામાં સફળ થયો હતો.

આ ઘટના દર્શાવે છે કે જે એમ કહેવામાં આવે છે કે ગઝની આપણી આસ્થા તોડી શકયો નહોતો તેનો સ્પષ્ટ અને સાચો અર્થ એ થાય છે કે ગઝની આપણી અંધશ્રદ્ધાઓ તોડી શકયો નહોતો કારણ કે આપણી આસ્થાઓ અંધશ્રદ્ધા જ હતી. આપણા કેટલાક બુદ્ધિજીવી વિદ્વાનો આપણને આ સત્ય સમજવા દેતા નથી અથવા સમજાવતાં નથી અને ઊલટી વાત કરી આપણને અંધશ્રદ્ધામાંથી બહાર નીકળવા દેતાં નથી કારણ કે તો જ આપણે વ્યર્થ, હાનિકારક અને નિષ્ફળ મૂર્તિપૂજા, ભક્તિ, આરાધના અને તીર્થયાત્રાઓમાં લાગેલા જ રહીએ અને સ્થાપિતહિતો આપણું સર્વાંગી શોષણ કરીને મોજમજા કરતાં રહે.

# જાદવ પૂછે છે

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ પૂછે છે :

ધર્મનેતા વિજ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરે છે. અને વિજ્ઞાનની જ કેમ અવગણના કરે છે ?

ઉત્તર – સૂર્યકાન્ત શાહ

ધર્મ એ ધર્મનેતાનો ધંધો છે. કોઈપણ ધંધાદારીની જેમ એ પણ નફો વધે તે માટે પ્રયત્નશીલ હોય છે. એના અનુયાયીઓને એ મગજને લકવો લગાડતી 'શ્રદ્ધા'ના પાન કરાવે છે. હવે તો મગજમાં ચીપ મૂકીને વિચારને જ આચારમાં મૂકવા સુધી વિજ્ઞાન આગળ વધ્યું છે. વિજ્ઞાનની આટલી પ્રગતિ હોવા છતાં એ પોતાના ઉપયોગમાં કોઈ ભેદભાવ રાખતું નથી. ધંધાને આગળ ને આગળ ધપાવવામાં ધાર્મિક નેતાઓને વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ ખૂબ મદદગાર નીવડે છે. પાંચ–પચ્ચીસ અનુયાયીઓને ભેગા કરી એમને 'શ્રદ્ધા'નો કસુંબો પાવા કરતાં એની એ જ વાત ટી. વી. ચેનલ પર કરે તો હજારોને તે કસુંબો પીવડાવી શકાય. ધર્મનો ધંધો ધમધોકાર ચાલે. આથી ધર્મનેતાઓ વિજ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરે જ. ધર્મનેતાઓ કૃતઘ્ની હોવાનું વારંવાર પુરવાર થયું છે. વિજ્ઞાનનો ઉપયોગ કરતા એને લાભ થાય તો ઉપયોગ કરવાનો, પરંતુ વિજ્ઞાનના સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ એના ધર્મ–ધંધાને નુકસાન કરે છે. તેથી એનો માત્ર અસ્વીકાર નહીં કરવાનો. આગળ વધીને એને ભાંડવાના. વિજ્ઞાન અને વૈજ્ઞાનિક દ્રષ્ટિના મૂળમાં 'સંશય' હોય છે. શ્રદ્ધા અને સંશય વચ્ચે તો ઉત્તર–દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. એ બન્ને પરસ્પર વિરોધી સંકલ્પનાઓ છે. આથી તેઓ વિજ્ઞાનની માત્ર અવગણના કરતા નથી, એને ભાંડે પણ છે. આખરે 'ધંધા ઈઝ ધંધા !'

---

હોકીંગ જણાવે છે કે એક અલગ પ્રજાતિ તરીકે માનવજાત વીસ લાખ વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવી. પ્રવર્તમાન સંસ્કૃતિની મૂળ સ્વરૂપ સંસ્કૃતી દશ હજાર વર્ષે પૂર્વે શરૂ થઈ. ત્યારબાદ માનવજાતના વિકાસનો દર એકસરખો વધતો રહ્યો છે. જો માનવપ્રજાતિએ આવનારા લાખો વર્ષ સુધી અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો ભોમિયા વિના જેમ કોઈ પર્વતારોહક પર્વતોની તદ્દન અજાણી જગાએ ભમવા નીકળી પડે તેમ માનવજાતે તદ્દન નવા અરુઢિગત માર્ગો પુરી હિંમત સાથે કંડારવા પડશે. આમ કરવામાં આવશે તો જ માનવપ્રજાતિ ટકી શકશે. અરુઢીગત માર્ગોએ આગળ વધવા માટે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક દ્રષ્ટિમાં જ ત્રેવડ હોય છે.

# વિવેકબુદ્ધિવાદ (Rationalism)

**'શું અને શા માટે ?' પુસ્તિકામાંથી કેટલાંક અવતરણો (સાભાર)**

**રવિપુડી વેંકટાદ્રિના ચુંટેલા લેખોનો ગુજરાતી અનુવાદ**

સંપાદક : અશ્વિન ન. કારીઆ, બિપીન શ્રોફ

પ્રકાશક : ગિરીશ સુંઢિયા

મહામંત્રી, બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ,

૬૯, ચાણક્યપુરી સોસાયટી, હનુમાન ટેકરી, આબુ હાઈવે, પાલનપુર–૩૮૫૦૦૧,

મો. – ૯૪૨૬૬ ૬૩૮૨૧

* માનવીએ પોતાના સુખ માટે કુટુંબ, સમાજ, રાજ્ય જેવી અનેક સંસ્થાઓનું સર્જન કર્યું છે. આ બધી સંસ્થાઓ માનવ કલ્યાણ કે સુખ માટે છે. પણ માનવી તે બધી સંસ્થાઓની ઈચ્છા મુજબ કઠપુતળીની માફક નાચતું કોઈ રમકડું નથી.
* જ્ઞાન પ્રાપ્તિ બાબતે માનવની કેટલીક મર્યાદાઓ છે. આ મર્યાદાઓ માનવને ખોટી દિશા તરફ દોરી જાય છે.
* આવી ખોટી દિશા ખોટા તારણો તરફ દોરી જાય છે અને તે અંતે ધર્મમાં પરિણમે છે.
* છેલ્લાં કેટલાક વર્ષોમાં ટેકનોલોજીના થયેલ વિકાસને કારણે માનવ જાતને બ્રહ્માંડ અને પૃથ્વી વિશે અનેક વૈજ્ઞાનિક સત્યો જાણવા મળ્યા છે. આવા સંજોગોમાં ધર્મોએ હજારો વર્ષોની અગાઉ સ્થાપિત કરેલ માન્યતાઓ આધુનિક માનવ કેવી રીતે સ્વીકારી શકે ?

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ કલામે ખ્યાતનામ વૈજ્ઞાનિક તરીકે સારી નામના મેળવી છે. તેઓ સાંઈબાબાને મળવા ગયા ત્યારે તેમના પગ પાસે બેઠા હતા. ભારતના પૂર્વ વડાપ્રધાન સત્ય સાંઈબાબાને દંડવત્ પ્રણામ કરતા હતા. આને આપણે શું કહીશું ? આથી વિવેકબુદ્ધિવાદ શું કહે છે તે વિશે પ્રશ્ન પૂછવાના બદલે તે શેને નકારે છે તે વિશે પૂછાતો પ્રશ્ન એમ સૂચવે છે કે તમે કોઈ બાબતે વૈચારિક ગુલામ છો.

* માત્ર અંધશ્રદ્ધાનો વિરોધ કે ઈશ્વરનો ઈન્કાર કરવાથી વિવેકબુદ્ધિવાદી બની જવાતું નથી.
* જ્ઞાનની મદદથી સાચા તારણ પર પહોંચી શકાય. સત્ય સુધી પહોંચવા માટેનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ. જ્ઞાન, સત્ય અને સ્વાતંત્ર્ય એકબીજા સાથે સંબંધિત અને સાપેક્ષ છે.

* આપણે મૂળ ધર્મ પર પ્રહાર કરવો જોઈએ. તે વિના ઈચ્છિત પરિણામ શકય નથી.

* માનવ પ્રગતિ માટે રાજ્ય એક સાધન સંસ્થા છે. સમાજ એક વૈયકિતક સ્વાતંત્ર્યમાં અવરોધ કરે, તે સંસ્થા આ હેતુ સિદ્ધ કરી શકે નહીં કારણ કે વ્યક્તિગત વિકાસ અને સમૃદ્ધિ સામાજિક પ્રગતિના માપદંડો છે. રાજ્ય પણ માનવીય સર્જન છે. આથી રાજ્ય અને વ્યક્તિ વચ્ચેનો સંબંધ સર્જક અને સર્જન જેવો હોવો જોઈએ.

* કોઈ ધર્મ પરિક્ષાત્મક ટીકા સહન કરતો નથી. દરેક ધર્મમાં વિરોધાભાસી સૂત્રો હોય છે, અને કોઈ ધર્મ તેનું નિવારણ કરવા પ્રયત્ન કરતો નથી. આથી જ વિવેકબુદ્ધિવાદ ધર્મ પર સૌ પ્રથમ પ્રહાર કરે છે.

* નાસ્તિક વ્યક્તિ બિનવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધરાવતી હોઈ શકે છે. ફેડરીક નિત્શે અને માર્ટિન હેઈડગર જેવા મહાન નાસ્તિકો થયા છે. આંધ્રપ્રદેશમાં ગોરા જાણીતા નાસ્તિક થઈ ગયા છે. તેમના મતે ઉત્ક્રાંતિ વિચારસરણી સાચી નથી, અને તેમના મતે વિવેકબુદ્ધિવાદ સ્વાતંત્ર્ય અને નીતિમતાની વિરુદ્ધ છે. તેમનું આ દ્રષ્ટિબિંદુ વિવેકબુદ્ધિવાદીઓને માન્ય નથી.

* સ્ફૂરેલું જ્ઞાન (intuition) પણ છુપા તર્કથી વિશેષ કાંઈ નથી.

* કાર્ય–કારણ સિદ્ધાંત કોઈપણ બનાવ સમજવાની યુકિત છે. કાર્ય–કારણ સિદ્ધાંત જાણવાથી બનાવોની શકયતાની આગાહી કરવા આપણે સમર્થ બનીએ છીએ. હવામાન–વાવાઝોડાની આગાહી આ રીતે જ થાય છે. આને આપણે નિયતિવાદ (Determinism) કહીએ છીએ. જો આપણું જ્ઞાન અધૂરું હોય તો આગાહી ખોટી પડે છે.

* સ્વાતંત્ર્ય ત્યારે જ શકય બને કે જ્યારે વિકલ્પો વચ્ચે પસંદગી કરવાની તક હોય.

* વિવેકબુદ્ધિવાદી માટે નૈતિકતા માનવીય અને ધાર્મિક માટે દૈવી છે. વિવેકબુદ્ધિવાદી માટે માનવ લક્ષ્ય છે અને ધાર્મિક વ્યક્તિ માટે ઈશ્વર લક્ષ્ય છે. તર્ક અને મુકત વિચારને દબાવવાથી ધર્મ અનૈતિકતાને ઉત્તેજન આપે છે. તર્ક અથવા તાર્કિક બુદ્ધિ અનૈતિકતા પર અંકુશ લાવે છે.

* સ્વાતંત્ર્ય જંગ દરમ્યાન હિંદુ રાષ્ટ્રવાદને ભારતીય રાષ્ટ્રવાદ તરીકે સમજવામાં ભૂલ થયેલ હતી.

* ભારતીય રાજકારણ દેખીતી રીતે ધર્મ અને જ્ઞાતિ આધારિત છે. આ બાબતે આપણે ઝડપથી ગતિ કરી રહ્યા હોવા છતાં, આપણા રાજકીય નેતાઓ વિવિધતામાં એકતાની વાતો કરી રહ્યા છે. વાસ્તવમાં તેઓ જ્ઞાતિ, જાતિ, ધર્મ, પ્રદેશ, ભાષાનો

સંસદમાં તેમ જ બહાર વધુ મતો માટે ઉપયોગ કરવામાં જરાપણ સંકોચ રાખતા નથી.

જૂના સમયમાં ધર્મ નેતાઓ તેમ જ સત્તાભૂખ્યા લોકોના કાવતરાથી માનવીય, ધર્મ–નિરપેક્ષ તેમજ સામાજિક ચળવળોનો અંત લાવવામાં આવ્યો હતો. એમ લાગે છે કે ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. ધાર્મિક જ્ઞાન અવરોધક, ગુંડાગીરી અને હુલ્લડખોરી વલણોમાં વૃદ્ધિ થઈ રહી છે. જુના મંદિરોની સજાવટ થઈ રહી છે. નવા મંદિરો બની રહયા છે. સ્વામીઓ, બાબાઓ, મઠ અને આશ્રમોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. આપણા શાસકો તેને તેમજ ફળ જ્યોતિષ, વાસ્તુ, હસ્તરેખા, અંકશાસ્ત્રને ઉત્તેજન આપી રહ્યા છે.

* લોકોમાં એક વર્ગને બીજા વર્ગ તરફ નફરતનું ઝેર ફેલાવવામાં આવી રહ્યું છે. દરેક સમસ્યાનો મતની ગણતરીથી જ ઉકેલ લાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

* આપણા વેદો અને પુરાણોથી લોકોમાં ઉચ્ચ વર્ગ અને નીચલા વર્ગમાં વિભાજન થયું છે. સામાજિક સમાનતાનો આદર્શ હજુ સુધી આપણે સ્વીકારતા નથી.

* ભારતમાં વિવેકબુદ્ધિવાદીઓએ વૈચારિક જાગૃતિનું કામ કરવું જોઈએ. માનવીય મૂલ્યો અને આધુનિક વૈજ્ઞાનિક જ્ઞાનનો સ્વીકાર ભારતમાં ત્યારે જ થશે કે જ્યારે લોકોનો ધાર્મિક દ્રષ્ટિકોણ બદલાશે. જો આપણે નવી સંસ્કૃતિ રચવા ઈચ્છતા હોઈએ તો જૂની સંસ્કૃતિને વિદાય કરવી જોઈએ. જૂની ધાર્મિક વિચારધારા અને આધુનિક વૈજ્ઞાનિક જ્ઞાન વચ્ચે મેળ થાય તેમ છે જ નહીં.

* માનવનાં સામાજિક જીવનમાં, તેના બચપણથી રાષ્ટ્રોના, ધર્મોના અને જ્ઞાતિ વિભાજનોના વિચારો ઠાંસીઠાંસીને ભરવામાં આવે છે. તેના પરિણામે તર્ક, વિવેકબુદ્ધિ પર આવરણ છવાઈ જાય છે. પરિણામે વિવેબુદ્ધિવાદીતા ખોટા માર્ગે ફંટાઈ જાય છે. આ જ કારણથી માનવ પૂર્ણ વિવેકબુદ્ધિવાદી બની શકતો નથી. માત્ર આ કારણે આપણે એમ ન કહી શકીએ કે તેમાં વિવેબુદ્ધિવાદી બનવાની ક્ષમતા નથી.

* જ્યારે વૈદિક સાહિત્યના કથનો વિશે વિવેકબુદ્ધિવાદી રીતથી પ્રશ્નો પૂછાવાનું શરૂ કરાયું ત્યારે પ્રશ્નકર્તાઓને નાસ્તિક ગણવામાં આવ્યા કારણ કે વેદો ભગવાન તરફથી અપાયા છે અને તેની અધિકૃતતા વિશે પ્રશ્ન કરી શકાય નહીં અને જે પૂછે તે નાસ્તિક કહેવાય. જો અસત્ય તારણો સમજાવવામાં ખોટો તર્ક વાપરવામાં આવે, તો તેના નિર્ણયો પણ ખોટા નીકળવાના. દરેક ધર્મગ્રંથની અધિકૃતતા વિશે પ્રશ્ન કરવાની મનાઈ છે. આથી નાસ્તિકને સજા કરવાની પણ જોગવાઈ હતી.

* ઈશ્વરનો ખ્યાલ વાસ્તવમાં કયારેય પુરવાર થયો નથી અને પુરવાર થઈ શકશે પણ નહીં. આથી નાસ્તિકતાએ ઈશ્વર ન હોવાનો કોઈ સાબિતી આપવાની જરૂર નથી. જેનું અસ્તિત્વ ન હોય તેની સાબિતી કેવી રીતે આપી શકાય ?

* અસત્ય તો માત્ર વિવેબુદ્ધિવાદના ઉપયોગથી જાણી શકાય. આપણે તર્કનો ઉપયોગ તાર્કિક પરિણામ મેળવવા કરતા હોઈએ છીએ. ખોટી ધારણા પરથી ખોટા તારણો માટે પણ તર્કનો ઉપયોગ કરી શકાય. આથી વિવેબુદ્ધિવાદ અને તર્ક બંને એક જ નથી.

* આપણા વડવાઓ એમ માનતા હતા કે પૃથ્વી સપાટ છે અને તમામ ગ્રહો તેની આસપાસ ફરે છે. ત્યારે તે પણ જ્ઞાન હતું, પરંતુ આ અજ્ઞાનતા હતી. વૈજ્ઞાનિક પ્રયોગોથી આપણને તેનાથી જુદું સત્ય જાણવા મળ્યું.

* ધર્મનિરપેક્ષતા અને તેની વૈચારિક ભૂમિકાનો થોડો ઈતિહાસ છે. એક બ્રિટીશ નાસ્તિક હોલીએકે સૌ પ્રથમ ૧૮૪૦માં ધર્મનિરપેક્ષતા શબ્દ પ્રયોગ કરેલ હતો. મુક્ત વિચારના વિસ્તરણની અભિવ્યકિત માટે આ શબ્દ વપરાયેલ હતો. નાસ્તિક હોવાના ગુના બદલ તેને ૬ માસ જેલની સજા થઈ હતી. ૧૮૫૧ માં તેણે (London secular society) ની સ્થાપના કરી હતી. ચાર્લ્સ બ્રેડલો તેના અધ્યક્ષ હતા. પાછળથી તેનું નામ National secular society કરવામાં આવ્યું હતું. આજે પણ એ નાસ્તિકતાનો પ્રચાર કરે છે.

* ૧૮૪૦ થી જ વિજ્ઞાન શબ્દ પ્રચલિત થયો છે. આ એક અકસ્માત હોઈ શકે છે, પરંતુ ધર્મનિરપેક્ષતા અને વિજ્ઞાન બંને શબ્દો એકીસાથે ૧૮૪૦ થી પ્રચલિત થયા. આજે આપો જેને વિજ્ઞાન તરીકે ઓળખીએ છીએ તેને તત્ત્વજ્ઞાન (Philosophy) કહેવામાં આવતું હતું. પ્રાણીઓના વિજ્ઞાન પર લેમાર્કે લખેલ પુસ્તકનું નામ philosophy zoologic) કહેવામાં આવ્યું હતું. વિજ્ઞાન શાખા તત્વજ્ઞાન શાખાથી હવે અલગ થઈ છે, અને વિજ્ઞાને અન્વેષણ, પ્રયોગ, નિર્ણય અને વિચારધારાથી ઘણી પ્રગતિ સાધી છે. વિજ્ઞાન કુદરતના વસ્તુલક્ષી (objective) જ્ઞાન પર આધારિત છે. સત્યશોધન માટે વિજ્ઞાનની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી છે. પરિણામે વિજ્ઞાન ધર્મના અનેક દાવા નકારી રહ્યું છે અને અનેક રહસ્યોનો પર્દાફાશ કરી વિજ્ઞાન સત્યશોધન પ્રક્રિયા સાથે સતત જોડાયેલું છે. આમ, વિજ્ઞાનની નિસ્બત આ જગત–સૃષ્ટિ સાથે છે. બીજી કોઈ દુનિયા સાથે નહીં. વિજ્ઞાનના આગમનને કારણે ધર્મનિરપેક્ષ દ્રષ્ટિકોણ દાખલ થયો છે. આપણા શારીરિક, માનસિક અને સાંસ્કૃતિક જીવન પર વિજ્ઞાનના પ્રભાવનો ઈન્કાર કરી શકાય તેમ નથી.

*        ધર્મોની જુદી જુદી શાખાઓ કે પંથો તેમની વચ્ચે તકરારોમાંથી ઉદ્‌ભવેલ છે. ધર્મો જ્ઞાનના રસ્તાઓ બંધ કરી દે છે. માનવ મન પેરાશુટ જેવું છે. તે જ્યારે ખુલ્લું હોય ત્યારે જ શ્રેષ્ઠ કામગીરી બજાવે છે.

*        કાર્ય–કારણ વિભાજન માનવીય કૃત્ય છે. કુદરતના બનાવોમા તેનું અસ્તિત્વ સતત નિહાળવા મળે છે. જે કાંઈ બને છે તે બનાવ છે. બનાવોનો ક્રમ શાશ્વત અને સતત છે. સતત બની રહેલ બનાવોમાં માનવ પૂર્વ બનાવને તેનું કારણ અને પછીના બનાવને તેની અસર તરીકે ઓળખે છે. કુદરતમાં કાર્ય–કારણનું વિભાજન નથી. માનવે પોતાના જીવનમાં વર્તમાનના રક્ષણ માટે આ વિભાજન બનાવેલ છે. કુદરતમાં બની રહેલ સતત બનાવો માત્ર અસરો છે. માનવ સિવાયના પ્રાણીઓમાં ઈશ્વરનો ખ્યાલ જોવા મળતો નથી.

*        દરેક બાબતમાં સત્ય છૂપાયેલું હોય છે. આપણે માટે તે અજાણ્યું હોઈ શકે.

*        હિંદુ, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ આપણને પ્રાથમિક યુગમાં લઈ જવા પ્રયત્ન કરે છે. આજે પ્રાથમિક યુગનું નહીં, આધુનિક યુગનું અસ્તિત્વ છે. ધર્મો વચ્ચે ચડસા ચડસીથી તેમની વચ્ચે લડાઈ થવાનો ભય રહેલો છે. આથી આ સ્થિતિ બનતી અટકાવવા માટે દરેક વિવેકબુદ્ધિવાદીએ સમાજમાં જાગૃતિ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | – સૂર્યકાન્ત શાહ |
| (૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ | –ડૉ. બી. એ. પરીખ |
| (૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | –ડૉ. બી. એ. પરીખ |
| (૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ | –ડૉ. બી. એ. પરીખ |
| (૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– | –સૂર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

## આનંદની ખોજના મૂળમાં બિનસાંપ્રદાયિકતા જ !

બારમી સદીથી ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ. તે પૂર્વે બધા જ ધર્મો દુઃખ, વૈરાગ્ય, ત્યાગ, પોતાના ધર્મની શ્રેષ્ઠતા અને તેને પગલે યુદ્ધો અને તેના પરિણામે અસહ્ય દુઃખોનું સામ્રાજ્ય હતું. ઔદ્યોગિક ક્રાંતિ થકી માણસ આ ચુંગાલમાંથી છૂટવા લાગ્યો. ધર્મ ગૌણ બનવા માંડયો. સંપત્તિ, સગવડ, આનંદ, વૈયક્તિક સ્વાતંત્ર્ય અને નાગરિકોની સત્તા માટે એ ઝઝૂમવા માંડયો. આ બધું જ ધર્મથી અલગ અને બિનસાંપ્રદાયિક છે. ભગવાન–ગોડ–ખુદાને પ્રાર્થના કરીને આમાંથી કશુ પણ માંગો તો તમે ધાર્મિક રહેતા જ નથી. બિનસાંપ્રદાયિક બની જાઓ છો ! એમાં એટલી જ ખામી કે પ્રાર્થનાથી કશું મળતું નથી. અવાસ્તવિક અપાર્થિવ પાસે ભીખ માંગવી એ મૂર્ખાઈ છે. આ પ્રાર્થનાના ચક્કરમાંથી નીકળી જાઓ અને સંપત્તિ, આનંદ, સ્વાતંત્ર્ય વગેરે માટે મહેનત કરો, અને ઝઝૂમો તો જ તે મળે. તમારી આ મહેનત અને તમારો સંઘર્ષ પોતે જ બિનસાંપ્રદાયિકતા છે ! આવું કરશો એટલે આપોઆપ જ તમે વૈજ્ઞાનિક મિજાજ ધરાવતા સમાજની રચનાના અંગ બની જશો. વિજ્ઞાનને માટે બિનસાંપ્રદાયિકતાનું હોવું અનિવાર્ય છે.

## જીજીવિષા

રેશનાલિસ્ટોએ એવો દાવો કરવો નહીં કે બધું કુદરતી સિદ્ધાંત પ્રમાણે ચાલે છે. જીવ માત્રનું મૃત્યુ નિશ્ચિત છે. આમ છતાં પહેલે તબક્કે એ અમર રહેવા માંગે છે. એ શકય નહીં બને તો વધારે લાંબુ જીવવા માંગે છે. માણસનું મગજ અન્ય પ્રાણીઓ કરતાં સૌથી વધારે વિકસીત છે. આથી આ જીજીવિષા એનામાં સૌથી વધારે છે. પ્રત્યેક હોસ્પિટલ અને ડૉકટરનું પાટીયુ એની સાક્ષી પુરે છે. આ પરિસ્થિતિમાં માણસ કુદરતની ગતિવિધિ સમજવા માંગે છે કે જેથી એની જાનલેવા ઘટના સામે એ રક્ષણ મેળવી શકે. આ ગતિ–વિધિના અર્ક સમાન એ સિદ્ધાંતો (બનાવો) છે. પાંચસો–છસો વર્ષ પર વિજ્ઞાનના આવિષ્કાર બાદ આ સિદ્ધાંતો વધારે વાસ્તવદર્શી બન્યા. છતાં એ બધા સર્વાંગસંપૂર્ણ હોવાનો દાવો કરી શકાય નહીં. સમગ્ર સચરાચર અને તેમાં બનતી બધી ઘટનાને હજી સુધી પૂરી સમજી શકાઈ નથી. આથી આ સિદ્ધાંતો અધૂરા છે. એમ કહી શકાય કે એ સંપૂર્ણ વાસ્તવિક નથી, પરંતુ વાસ્તવિકતાની નજીક છે. માણસ એના અધુરા સિદ્ધાંતોથી પોતાનું કામ કરી લે છે. કારણ કે ભલે એ સંપૂર્ણ નહીં હોય, પરંતુ શકય એટલા વધારે સંપૂર્ણ છે. માણસ આજે અને હમણાં જીવવા માંગે છે. તેથી અધૂરા સિદ્ધાંતોને પણ એ ચલાવી લે છે.

## કેટલાંકનું સ્થાપિત હિત : અનિશ્ચિતતા !

અનિશ્ચિતતા તે છે કે જેનું વર્તન વિજ્ઞાન હજી પામી શકયું નથી. અનિશ્ચિતતાના વર્તનની આગાહી થઈ શકતી નથી. એના વર્તનથી માનવજાત માટે સારા પરિણામ પણ આવે અને ખરાબ પરિણામ પણ આવે. મોટા ભાગના લોકો ધર્મની પાછળ ઘેલા છે. ધર્મની દુકાન ચલાવનારા એમને ઘેલા બનાવવા માટે જે જુદા જુદા ખેલ પાડે છે તેમાંનો એક ખેલ અનિશ્ચિતતાના વર્તનથી માણસને થતા નુકસાનમાંથી રમવામાં આવે છે. માણસની એક નૈસર્ગિક લાક્ષણિકતા 'ભય' છે. એને જો ડરાવવામાં આવે તો એ ડરમાંથી મુકત થવા કાંઈ પણ કરવા તૈયાર થઈ જાય છે. ધર્મના દુકાનદારો આ માનવીય લાક્ષણિકતાને બરાબર સમજીને ક્યાં તો એમને ઉભા પાકના નિકંદન કે જુવાનજોધ દિકરાના મરણ જેવા પ્રસંગોએ માણસને આ દુકાનદારો ડરાવે છે. 'પ્રભુ–ખુદા–ગોડની અવકૃપા–શ્રાપ પૂર્વજન્મના પાપનું પરિણામ જેવાં ધડ–માથા વગરના કારણો દર્શાવીને ધર્મના દુકાનદારો માણસને ધર્મ સાથે જોડી રાખે છે. ધર્મ પાછળ ઘેલા કરે છે. રેશનાલિસ્ટોએ આ અનિશ્ચિતતાના તત્ત્વને બરાબર સમજી તેને કારણે માણસોને ધર્મઘેલા બનતા અટકાવવા જોઈએ.

અનિશ્ચિતતાને પકડીને આસ્તિકો એનાથી આવતાં પરિણામોને ભગવાનનું કૃત્ય માને છે–મનાવે છે. ધરતીકંપમાં અનિશ્ચિતતાનું તત્ત્વ વધારે છે. હજી આપણે એનાં કાર્ય–કારણના સંબંધને વિશ્વસનીય રીતે શોધી શકયા નથી. પરિણામે આ ધરતીકંપ અને એવી બીજી ઘટનાઓ ટાંકીને તેઓ પ્રભુના અસ્તિત્વનો જાણે કે પુરાવા આપે છે ! આ બહુ જ ગંભીર, ગંદો અને સમાજ વિરોધી અભિગમ છે. આ બાબતમાં વિજ્ઞાને સંશોધન કરવા માંડયા જ છે, પરંતુ જેને લોકો 'તક'થી ઓળખે છે એ માટેનાં મૂળ કારણો હજી શોધી શકાયા નથી. લોટરીની ટિકિટ લઈએ અને માનો કે એના પર દશ લાખનું ઈનામ લાગી જાય તો એ કમાવાની જે 'તક' મળી તેના કારણને હજી સમજાવી શકાયા નથી. આંકડાશાસ્ત્રે આ દિશામાં ઘણું ખેડાણ કર્યું છે છતાં, આવી 'તક' ના મૂળ કારણને હજી શોધી શકાયું નથી. શોધાશે ત્યાં સુધી રેશનાલિસ્ટોએ જોવું પડશે કે એવી અનિશ્ચિતતાનો આશરો લઈ આસ્તિકો ભગવાન–ખુદા–ગૉડનું ડીંડવાણું ચલાવતા અટકે.

**સત્યશોધક સભાના ઉપક્રમે તા. ૧૨–૨–૨૪ના રોજ બાલકૃષ્ણ પાઠકજી નિબંધ સ્પર્ધા યોજાઈ ગઈ.**

# માનવ માત્ર સંગીતના કિનારે એક છે

—સૂર્યકાન્ત શાહ

વૈશ્વિક કક્ષાએ સંગીતમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને દર વર્ષે પ્રતિષ્ઠિત ગ્રેમી એવૉર્ડ અપાય છે. આ એવૉર્ડ પ્રાપ્ત કરવા માટે વિશ્વભરના સંગીત—ધુરંધરો પોતાની કલાને નિખારવા ખૂબ પ્રયત્નો કરે છે. ઈ. સ. ૨૦૨૪ નો એવૉર્ડ એ સંદેશો લઈને આવ્યો છે કે માનવ માત્ર સંગીતના કિનારે એક છે. આપણે રેશનાલિઝમનું ગુજરાતી ‘વિવેકબુદ્ધિવાદ’ કર્યું છે. એમાં જે ‘વિવેક’ શબ્દ છે તે સારા—નરસાના ભેદ જોવા અને ‘સારા’ નો સાથે આપવા જણાવે છે. આ ‘સારું’ એટલે શું ? ‘માનવ’ને કેન્દ્રમાં રાખીને એની સુખાકારી માટે જે કંઈપણ થાય તે ‘સારું.’ આથી રેશનાલિઝમ એક બાજુ વૈજ્ઞાનિક અભિગમ અપનાવી કાર્ય—કારણના ખરા સંબંધો શોધવાની મથામણ કરે છે, તો બીજી બાજુ એ માનવવાદ તરફ પગલાં પણ માંડે છે. ‘માનવ’ એટલે માનવ. એને ધર્મ, જાતિ, જ્ઞાતિ, રંગ, વર્ગ, રાષ્ટ્ર વગેરે સંકીર્ણ બાબતોનો બાધ નડતો નથી. ‘માનવ’ એટલે વિશ્વના કોઈ પણ ખૂણે રહેતો માનવ. વિશ્વનો સમગ્ર માનવસમાજ.

સંગીતના પ્રદેશે પ્રદેશે સ્વરૂપો અલગ હોય છે. એની સાથે જો ગીત ભળે તો ભાષા પણ અલગ અલગ હોય છે. જેઓ સ્વરૂપ અને ભાષાને ભેદીને સંગીતના મૂળ તત્ત્વને પકડે છે તેઓ બરાબર સમજે છે કે ‘સંગીત’ એ માત્ર સંગીત જ છે. એનો જ મૂળ પ્રવાહ છે. એ પક્ષીના સુમધુર ગાનથી રોક સંગીત સુધી એક જ છે. જેમ વિજ્ઞાન માટે આપણે રેશનાલિસ્ટો એની સાર્વત્રિકતાને પોંખીએ છીએ તેમ સંગીત, વિવિધ કલાઓ, સાહિત્યમાંના મૂળ પ્રવાહને પણ પોંખવો જોઈએ. આ બધા વિજ્ઞાનની જેમ જ એક જ કિનારે માનવસમૂહને લઈ આવે છે. આ બધાં જ રેશનાલિઝમની સાર્વત્રિક માન્યતાના માધ્યમો બની શકે એમ છે. આ બધાને પણ જાતિ, જ્ઞાતિ, રંગ, ધર્મ—વર્ગ, રાષ્ટ્ર વગેરેના બંધનમાંથી મુકત કરવાના છે, રાખવાના છે.

આવો એક પ્રયત્ન ઈ.સ.૨૦૨૪ ના ગ્રેમી એવૉર્ડના વિજેતાઓએ સભાનપણે કે અભાનપણે કર્યો છે. તેઓ આપણી સલામના હકદાર બન્યા છે. ઈ. સ. ૧૯૭૩માં

જાઝના ગીતારવાદક જહૉન મેકલાગીને ‘શક્તિ’ નામના બેન્ડની રચના કરી. આ બેન્ડને આજે ઈ. સ. ૨૦૨૪ માં ગ્રેમી એવૉર્ડ મળ્યો છે. ઈ.સ. ૨૦૨૪ની એની જે ટીમ છે એના સભ્યોના નામ જ દર્શાવે છે કે આ બેન્ડ વૈશ્વિક માનવવાદની નાની શી પ્રતિકૃતિ છે. સ્થાપક બીનભારતીય છે અને બેન્ડનું નામ ભારતીય ‘શકિત’ છે. ગીતો માટે એની ટીમમાં શંકર મહાદેવન છે. વાયોલિન માટે ગણેશ રાજગોપાલન અને મૃદંગ માટે સેલ્વાગણેશ છે. એમાં વૈશ્વિક માનવ બની ગયેલા તબલાવાદક ઝાકીર હુસેન છે. આ ઉપરાંત એના બેન્ડમાં અન્ય દેશોના નીવડેલા સંગીતકારો છે. એમાં ઉંમરનો પણ બાધ નથી. એંસી વર્ષની જોની મીચેલે પણ આ એવૉર્ડ મળે તેમાં ખૂબ મોટો ફાળો આપ્યો છે. ઈ. સ. ૧૯૭૩ થી ઈ. સ. ૨૦૨૩ સુધી એમણે પોતાની જ ટીમની માનવકેન્દ્રી ટીમ દ્વારા સંગીતના એવા સૂર રેલાવ્યા છે કે જે પામીને વિશ્વની સમગ્ર માનવજાત ડોલી ઊઠે છે. એનું એક જ કારણ છે : ‘શક્તિ.’ વિશ્વભરના કોઈ પણ ગીત–સંગીતને પોતાની પાંખમાં સમાવીને એનું એવું કુલ પરિણામ શ્રોતાઓને પીરસે છે કે જેમાં કોઈ વિષમતા સંભળાતી જ નથી. માત્ર સંગીત સારું અને સાચું જ સંભળાય છે. એના ‘બોથ આઈડ્‌જ નાવ’ આલ્બમથી માંડી આ ઈ.સ. ૨૦૨૪ના ‘ધીસ મુમેન્ટ’ સુધીના આલ્બમની સફરમાં માત્ર એક જ શબ્દ સંભળાય છે : માનવ અને માનવ ! રેશનાલિસ્ટોએ આ બધા જ ક્ષેત્રોમાં માનવવાદને પીછાણી એની સાથે વિવેકબુદ્ધિવાદને ગૂંથીને રેશનાલિઝમના પ્રચાર–પ્રસારના વ્યાપને વધારવો જોઈએ.

---

## યુરેનિયમ એક અકસ્માત

કુદરતમાં બધુ ચોકકસ નિયમોથી જ ચાલવાના મત પર પુનર્વિચારણાની જરૂર છે. એમાં પણ નિયમોથી અલગ બનાવો બને છે. પશ્ચિમ આફ્રિકાની જમીનના પેટાળમાં સ્થાપિત નિયમો કરતાં જુદી ઘટનાઓ વારંવાર બની. અત્યારે આપણે જે જાણીએ છીએ તે પ્રમાણે એ ઘટના અણુવિસ્ફોટની ઘટનાઓ હતી. એ ઘટનાઓ બની તેથી ત્યાં યુરેનિયમનો બહુ મોટો જથ્થો ધરાવતી ખાણો તૈયાર થઈ ! આ બધું આશરે બે અબજ વર્ષ પૂર્વે બન્યું. ત્યારનો આ ભંડાર આપણે માટે સચવાયેલો રહ્યો, સૌ જાણે છે કે અણુશક્તિ પેદા કરવા માટે યુરેનિયમ જેવું બીજું કોઈ ખનિજ નથી.

# મારી એ સામાન્ય ભૂલ નહોતી, મોટી ભૂલ હતી

**–આઈનસ્ટાઈન**

નમ્રતા અને ભૂલનો એકરાર કરવાની તૈયારી તો આઈનસ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિક પાસેથી શીખવા જેવી. આઈનસ્ટાઈને સચરાચરને 'જડ' માની લીધેલું. હા...માની લીધેલું ! એ માન્યતા હતી. આઈનસ્ટાઈન જેવા પણ પુરાવા વિનાની માન્યતાના ભોગ બનતા હોય છે ! માન્યતાના ઘેરામાં આવી ગયા પછી એમાંથી છૂટવાનું ખૂબ મુશ્કેલ છે. જુઓને, ભગવાન–ગોડ–ખુદાની માન્યતાના ઘેરામાંથી આપણો સમાજ છૂટી શકતો જ નથી ! બીજી બાજુ પ્રતીતિકારક પુરાવા મળવા માંડ્યા કે સચરાચર તો સતત વિકસે છે. એ જડ નથી. સતત 'વિકાસશીલ' છે. નમ્ર અને ભૂલનો એકરાર કરવાની તૈયારીવાળા આઈનસ્ટાઈને જોયું કે જડ સચરાચરની એની માન્યતાથી તદ્દન ઉલટા પુરાવા મળે છે. આપણા ધાર્મિક ઠેકેદારોની જેમ એમણે 'હમ સચ' નહીં કર્યું. એમણે તો આગળ વધીને કહ્યું, 'એ મારી ભૂલ નહોતી, 'મોટી ભૂલ હતી ! સલામ આઈનસ્ટાઈનને ! રેશનાલિસ્ટોએ પણ સતત નમ્ર અને ભૂલ એકરારની તૈયારી રાખવી જ જોઈએ.

# શું શું જાણવાનું !

સચરાચર માટે માણસ શું શું જાણે છે અને શું શું જાણશે ? જે જાણે છે તે આપણે જાણીએ છીએ. શું જાણીશું તે તો ખાતરીપૂર્વક કહી શકાતુ નથી. અવકાશના વિશાળ મહાસાગરમાંનાં રહસ્યો વિશે આપણે કેટલા બધા અજ્ઞાન હતા ! બહારના અવકાશથી માંડી પ્રાથમિક કક્ષાના કણ સુધી આપણે જે કંઈ જાણ્યું તેમાંનું મોટા ભાગનું વીસમી સદીમાં જાણ્યું. એ સંદર્ભે વીસમી સદી જાણે 'ક્રાંતિ સદી' હતી ! આપણે તો એ જાણવા માંગીએ છીએ કે સચરાચરનું મૂળ કયાં છે. બીગ બેન્ગમાં એનો ખુલાસો મળે છે. જે સચરાચરે આપણું મગજ બનાવ્યું એ જ મગજ સચરાચરને અને કુદરતના કાયદાઓને સમજવા મથે છે ! આપણું મગજ એક બાજુ બાહ્ય અવકાશમાંના ઊંડામાં ઊંડા રહસ્યને તો બીજી બાજુ નાનામાં નાના અણુના પણ ઊંડા રહસ્યને સમજવાને માટે મથે છે ! કોમ્પ્યુટરને શોધ્યા બાદ આપણી આ મથામણ નક્કર પરિણામ લાવી શકી છે. હવે કદાચ આપણા મગજને પણ પછાતમાં ધકેલી દે એવી મગજની પેદાશ કૃત્રિમ બુદ્ધિમતા વધારે નક્કર પરિણામ લાવશે !

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

# આમંત્રણ

SATYASHODHAK SABHA, SURAT

## સત્યશોધક સભા, સુરત

**: આયોજિત ચર્ચા સભા :**

**ભારતીય બંધારણમાં વૈજ્ઞાનિક અભિગમ**

**: વક્તા :**

**પ્રો. હેમંતકુમાર શાહ**

આ કાર્યક્રમમાં આપ સર્વને પધારવા હાર્દિક આમંત્રણ છે આ કાર્યક્રમમાં **શ્રી અતુલભાઈ પાઠકજીના પ્રમુખપદે સત્યશોધક સભાના ખજાનચી મોહનલાલ પટેલ દ્વારા સંપાદિત ''પ્રેરણા સ્ત્રોત'' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે** અને ત્યારબાદ પ્રો. હેમંતકુમાર શાહ – ''ભારતીય બંધારણમાં વૈજ્ઞાનિક અભિગમ'' વિષય પર પોતાના વિચારો રજૂ કરશે ત્યારબાદ ચર્ચાનો પ્રારંભ થશે.

તા. ૧૬–૦૨–૨૦૨૪, શુક્રવારે, સાંજે ૪.૦૦ વાગ્યે શરૂ થનારી આ સભા નવસર્જન ટ્રસ્ટ, જુના R.T.O. પાસે, રીંગ રોડ, સુરત મુકામે યોજાશે. આપ સૌને પધારવા વિનંતી.

| | | | | |
|---|---|---|---|---|
| **હસમુખભાઈ પટેલ**<br>**સુગીત પાઠકજી**<br>સહમંત્રીઓ | **મોહનભાઈ પટેલ**<br>કોષાધ્યક્ષ | **ડો. સુષ્મા ઐય્યર**<br>**જાદવભાઈ વેકરીયા**<br>મંત્રીઓ | **અતુલ પાઠકજી**<br>**મનસુખ નારિયા**<br>ઉપપ્રમુખો | **સૂર્યકાન્ત શાહ**<br>પ્રમુખ |

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ**